દિવ્ય ભાસ્કર

Date: 20 Jan., 2020 (Divyabhaskar, Gandhidham Edition, Pg. No. 03)

### 3-D પ્રિન્ટીંગની માહિતી આપવામાં આવી

# કચ્છના સૌપ્રથમ 3-D પ્રિન્ટીંગ વર્કશોપમાં 61 છાત્રો જોડાયા



ભાસ્કર ન્યૂઝ | ગાંધીધામ

કચ્છનું સૌ પ્રથમ 3-D પ્રિન્ટિંગ વર્કશોપ તોલાણી પોલિટેક્નિકમાં તાજેતરમાં રૂદ્રાબોટ્સ 3-D પ્રિન્ટિંગ દ્વારા યોજવામાં આવ્યો હતો. કંપનીના પ્રસ્થાપક તરુણ રિજવાણી અને એમની ટીમે નવી તક્નીકી અને તેના વિનિમયકરણ વિષે વિધ્યાર્થીઓને માહિતગાર કર્યા હતા.

વર્કશોપમાં કુલ 61 વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો જેનામાં 3-D પ્રિન્ટિંગ અને તેના ઉપયોગથી માંડીને 3-D પ્રિન્ટિંગ દ્વારા વ્યાપારની તકો વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા, તદઉપરાંત 3-D પ્રિન્ટિંગ મશીન ચલાવવાની અને તેના મેન્ટેનન્સની હેન્ડ ઓન ટ્રેનીંગ આપવામાં આવી હતી ,3-D પ્રિન્ટિંગ દ્વારા તમે કોઈ પણ કાલ્પનિક વસ્તુનું કોમ્પ્યુટરમાં 3-D મોડેલ બનાવી અને વાસ્તવિકતામાં રૂપાંતરિત કરી શકાય છે. છાત્રોએ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ માહિતી મેળવી હતી.

# એન્જિનિયરિંગ સ્ટુડન્ટ્સ માટે 3D પ્રિન્ટિંગ વર્કશોપ યોજાયો



તોલાણી પોલિટેક્નિકમાં ૩ડી પ્રિન્ટિંગનો વર્કશોપ યોજવામાં આવ્યો. આ વર્કશોપમાં કુલ ૬૧ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમને ૩ડી પ્રિન્ટિંગ અને તેનાં ઉપયોગથી માહિતગાર કરવામાં આવ્યા હતા. ઉપરાંત ૩ડી પ્રિન્ટિંગ મશીન ચલાવવાની અને તેના મેઈન્ટેનન્સની હેન્ડ્ઝ ઓન ટ્રેઈનિંગ પણ આપવામાં આવી હતી. આ વર્કશોપમાં સ્ટુડન્ટ્સે ૩ડી પ્રિન્ટિંગ દ્વારા કોઈ પણ કાલ્પનિક વસ્તુનું કોમ્પ્યૂટર દ્વારા ૩ડી મોડલ બનાવીને તેને વાસ્તવિક રૂપ આપ્યું હતું.